મંગળવાર, તા. ૭ ફેબ્રુઆરી, ૨૦૧૨
૨ ગુજરાત સમાચાર (અમદાવાદ આવૃત્તિ)

### ઝાકિયા જાફરીની અરજી અંગેનો કેસ

# ગુલબર્ગ કાંડ :સીટ દ્વારા ક્લોઝર રિપોર્ટની હિલચાલ સામે વિરોધ

અમદાવાદ,સોમવાર

૨૦૦૨ ના કોમી તોફાનો દરમ્યાન ગુલબર્ગ હત્યાકાંડ અંગે ઝાકીયા જાફરીએ કરેલી અરજીમાં મુખ્યમંત્રી સહિત ૬૩ જણાને આરોપી બનાવવાની કરેલી અરજીની તપાસમાં સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ દ્વારા ક્લૉઝર રિપોર્ટ ફાઈલ કરવાની હિલચાલનો વિવિધ નાગરિક સંગઠનોએ વિરોધ કર્યો છે અને સુપ્રીમકોર્ટને પત્ર લખી ન્યાય માટે સુયોગ્ય તપાસની માગણી કરી છે.

## સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસને પત્ર પાઠવી સુયોગ્ય તપાસ માગતા નાગરિક સંગઠનો

પ્રબુધ્ધ શક્તિમંચના નેજા હેઠળ વિવિધ સંગઠનોના અગ્રણીઓએ પત્ર લખી જણાવ્યું છે કે સુપ્રીમકોર્ટે ગુજરાતના કેસો અંગે સીટના વડા રાઘવનને તપાસ સોંપી હતી અને રાઘવન ક્ષમતાપૂર્વક સક્રિય રહ્યા નથી અને એડવોકેટ રાજુ રામચંદ્રને જે કંઈ નિર્દેશિત કર્યું છે તે અણદેખ્યું કરવામાં આવ્યું છે. તેઓ નૈતિક ફરજ ચૂક્યા છે. સીટ દ્વારા કેટલાક પુરાવાઓ અણદેખા કરવામાં આવ્યા છે. કેટલાક સાક્ષીઓએ મુખ્યમંત્રી વિશે આપેલા નિવેદનો લક્ષ્યમાં કેમ લીધાં નથી. રામચંદ્રને મુખ્યમંત્રી અને સિનિયર અધિકારીઓ સામે કામ ચલાવવાની ભલામણ કરી હતી તે સીટે વિસારે કેમ પાડી દીધી છે. આથી સુયોગ્ય તપાસ થાય અને નાગરિકોને ન્યાય મળ્યાનો અનુભવ થાય તે જરૂરી છે. વિવિધ સંગઠનોના અગ્રણીઓએ આજે પત્રકાર પરિષદમાં પત્રની ઉપરોક્ત વિગત જણાવી હતી.

તેઓએ જણાવ્યું હતું કે સીટ દ્વારા ક્લૉઝર રિપોર્ટ ફાઈલ કરવાની હિલચાલ ચાલી રહી હોવાના મીડિયામાં પ્રસિધ્ધ થયેલા રિપોર્ટના આધારે આ પત્ર અમે લખ્યો છે. જો ક્લૉઝર રિપોર્ટ ફાઈલ થશે તો ઘા પર મીઠું ભભરાવવા બરાબર ગણાશે. અમે સીટના ચેરમેનને પત્ર લખીની મુલાકાત માગવાના છીએ. તેઓએ જણાવ્યું હતું કે ૨૬મી ફેબ્રુઆરીએ મહેદીનવાબ જંગ હૉલમાં સ્વૈચ્છિક સંગઠનોનું સંમેલન યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે.

સુપ્રીમને લખાયેલા પત્રમાં સહી કરનારા અગ્રણીઓમાં ગુજરાત લોકસમિતિના અધ્યક્ષ ગાંધીવાદી ચીનુભાઈ વૈદ્ય, પૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતા, અવાજ સંસ્થાના ઈલાબેન પાઠક, પ્રશાંત સંસ્થાના ફાધર સેડ્રિક પ્રકાશ, નિરીક્ષકના પ્રકાશ શાહ, ભાવનગર યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ ડૉ. વિદ્યુત જોશી, પીયુસીએલના મહામંત્રી ગૌતમ ઠાકર, એમએસડીના દ્વારિકાનાથ રથ, સંવેદનના સ્વરૂપ ધ્રુવ, અમવાના ડૉ. મહેરુનીસ્સા, મહિલા સાંસ્કૃતિક સંગઠનના મિનાક્ષી જોશી, વાલીમંડળના શંકરભાઈ પટેલ, કાઉન્સિલ ફૉર સોશિયલ જસ્ટિસના વાલજી પટેલ, અને લોકઆંદોલનના ચંદુભાઈ પટેલનો સમાવેશ થાય છે.